ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૮.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૨૫ ટકા

# શહેરમાં રામનવમીની શ્રધ્ધાપૂર્ણ ઉજવણી

## બપોરના ૧૨ના ટકોરે શ્રીરામ પ્રાગટયોત્વસ ઉજવાયો : શ્રધ્ધાળુઓએ મંદિરોમાં ભીડ જમાવી : રામધૂન તથા સુંદરકાંડના પાઠ યોજાયા : ભજન-કિર્તન, ઉપવાસ સાથે ભાવિકોએ ભગવાનને આવકાર્યા





ગાંધીનગર, તા.૫

આજે શહેરમાં રામનવમી પર્વની હર્ષોલ્લાસથી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શહેરના સે-૨૨ સ્થિત સુપ્રસિધ્ધ પંચદેવ મંદિરે, સે-૨૯માં જલારામ મંદિરે, સે-૩માં રામજી મંદિરે તથા વાવોલના રામધામ સહિત અનેક મંદિરોમાં બપોરે બારના ટકોરે શ્રી રામ જન્મોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે રામલલ્લાના દર્શન ઉપરાંત આરતી અને પ્રસાદ યોજાયા હતા. ભાવિક ભકતોએ 'રામચંદ્ર ભગવાન કી જય'ના નારા લગાવવા સાથે રામધૂનની રમઝટ જમાવી હતી. શહેરમાં ઠેર ઠેર સુંદરકાંડના પાઠ યોજાયા હતા.

હિન્દુ ધર્મના આરાધ્ય દેવ ભગવાન શ્રી રામની જન્મ જયંતિ રામનવમીના તહેવારની આજે ભારે શ્રધ્ધા તથા ભાવપૂર્વક ઉજવણી થવા પામી હતી. પંચદેવ મંદિરે શ્રધ્ધાળુઓએ મોટી સંખ્યામાં ભીડ જમાવી દર્શનનો લ્હાવો લીધો હતો તથા આરતીમાં જોડાયા હતા. બરાબર ૧૨ના ટકોરે ભગવાન શ્રીરામનો પ્રાગટયોત્સવ શહેરના મંદિરોમાં ઉજવાયો હતો. શ્રધ્ધાળુઓએ રામજન્મ પહેલા રામધૂનની જમાવટ કરી હતી. રામજન્મના દર્શન સાથે જ ભગવાનની આરતી ઉતારવામાં આવી હતી. ભગવાન શ્રી રામલલ્લાને મનમોહક શણગાર સજાવવામાં આવ્યા હતા. જેના દર્શન કરી ભાવિકોએ ધન્યતા અનુભવી હતી. અહીં સાંજે કાન્તિભાઈ યોગીની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠ યોજાયા હતા. શહેરમાં ભાવિકોએ રામનવમીના ઉપવાસ કર્યા હતા.

સે-૨૯માં જલારામ ધામ ખાતે પણ રામ જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. અહીં ભગવાન શ્રી રામ પ્રાગટયોત્સવ ઉપરાંત સેવાના ભાગ રૂપે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં યુવા ભકતોએ રકતદાન કર્યુ હતું. સે-૨૯માં શ્રી કૃષ્ણ પરિવાર દ્વારા રામધૂનનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ ઉપરાંત શહેરમાં સે-૩ના રામજી મંદિર સહિત તમામ હનુમાનજી મંદિરોએ પણ રામ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ તબક્કે રામધૂન તથા સુંદરકાંડના પાઠ પણ યોજાયા હતા. શ્રધ્ધાળુઓએ મોટી સંખ્યામાં દર્શનનો લ્હાવો લઈ ભગવાન શ્રી રામનો જયઘોષ કર્યો હતો.

### વાવોલના રામધામ ખાતે રામનવમી ઉજવાઈ

વાવોલના રામધામ ખાતે પણ રામનવમીની ઉજવણી કરવામાં આવી હતી. અહીં છેલ્લા આઠ દિવસથી અવિરત અખંડ રામધૂન ચાલી રહી હતી. રામધૂનનું ભગવાન શ્રી રામના પ્રાગટયોત્સવ સાથે સમાપન કરવામાં આવ્યું હતું. 'જય શ્રી રામ'ના જયઘોષ સાથે ગ્રામજનોએ ભગવાનના અવતરણને આવકાર્યુ હતું. ભગવાનની આરતી ઉતારી પ્રસાદનો લ્હાવો શ્રધ્ધાળુઓએ લીધો હતો. વાવોલના સોસાયટી વિસ્તારમાં ઠેર ઠેર સુંદરકાંડના પાઠ યોજાયા હતા.



### રામનવમીએ એસટી ડેપોમાં હવન

રામનવમી પર્વ નિમિત્તે ગાંધીનગરના એસટી ડેપો ખાતે પણ હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એસટી ડેપોના કર્મચારીઓ, સ્ટોલ દુકાનધારકો તથા મુસાફરો મોટી સંખ્યામાં જોડાયા હતા. શહેરના અગ્રણી નાગરિકો પણ આ હવનમાં ઉપસ્થિત રહ્યા હતાં.



'જબ તક જીંદગી રહેગી ફુરસતના મિલેગી કામસે, કુછ સમય ઐસા નિકાલો, પ્યાર કરલો પ્રભુ શ્રી રામ સે..' આ ભાવના સાથે શહેરમાં રામનવમીએ શ્રધ્ધાળુઓ ભગવાન શ્રી રામના ભજનોમાં લીન બન્યા હતા. શહેરના સેકટર-૨૯ ખાતે શ્રી કૃષ્ણ પરિવાર દ્વારા રામનવમી નિમિત્તે વિશેષ ભજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

### આઈ લવ માય ગાંધીનગર



**દુર્ગેશકુમાર પરમાર**
સભ્ય, જુસિકા

**ગાંધીનગર ગમે**

પહોળા, સુંદર, સપાટ, ચોખ્ખા રસ્તા, બગીચા, પુષ્કળ વૃક્ષો, આયોજનબદ્ધ બાંધણી, સુંદર સર્કલો, સરસ શાળાઓ, સેવાભાવી સંસ્થાઓ, અનુભવી નિવૃત્ત વડીલોના કારણે ગાંધીનગર ખૂબ ગમે છે.

**નગરજનો**

નિવૃત્ત, અનુભવી, સેવાભાવી, અલગ ધર્મ, જ્ઞાતિ, રિવાજ, રહેણી-કરણી હોવા છતાં દૂધમાં સાકર ભળે તેમ ભળી રહેતાં નગરજનોને વંદન.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

મફત એમ્બ્યુલન્સ, શબવાહિની સેવાઓ, ઑપરેશનના ખર્ચ, જરૂરિયાતમંદને માસિક કરિયાણું અને દરેક પ્રકારનાં આરોગ્યનાં સાધનો પૂરા પાડતી જુનિયર સિટિઝન કાઉન્સિલ સંસ્થા, ઈન્ડિયન રેડક્રૉસની સેવાકિય કામગીરી ખૂબ ગમે છે. અલગારી માણસો દ્વારા ચાલતું જિલ્લાનું એકમાત્ર મફત અન્નક્ષેત્રમાં શાકભાજી પૂરાં પાડી સંતોષ અનુભવું છું.

**નગરને બહેતર બનાવવા**

એક અલગારી દરબાર મિત્રથી પ્રભાવિત થઈ અન્નક્ષેત્ર અને મુક્તિધામને નંદનવન બનાવવા સતત પ્રયત્નશીલ છું.

**નગર માટે હું કરી શકું**

નગર વધુ સ્વચ્છ અને સ્વસ્થ બને, લોકો સ્વચ્છતાનાં અને સેવાકિય કાર્યોનાં આગ્રહી બને, યુવાનોમાં ભારતીય સંસ્કારો જળવાઈ રહે તે માટે બાપુ સાથે સતત પ્રયત્નશીલ છું.





મા આદ્યશકિતની આરાધનાનું પર્વ ચૈત્રી નવરાત્રિ હવે અંતિમ તબક્કામાં છે. ગાંધીનગરમાં શ્રધ્ધાળુઓ નવરાત્રિ નિમિત્તે પૂજા હવન-ઉપવાસ વગેરે પૈકી આદ્યશકિતની આરાધના કરી રહ્યાં છે. ગાંધીનગર તાલુકાના ઉનાવા ગામે ચૈત્રી આઠમ નિમિત્તે ગામના મુખ્ય ચોકમાં ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગરબામાં મોટી સંખ્યામાં ગામનું યુવાધન તેમજ ગ્રામજનો જોડાયા હતા અને મોડી રાત્રિ સુધી ગરબે રમ્યા હતાં.

## રામનવમી નિમિત્તે ભગવાન જગન્નાથના દર્શન કરતા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ

અમદાવાદ, તા.૫

મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રી રામનું જીવન આપણા બધા માટે આજે પણ પ્રેરણાદાયી છે. આજે રામનવમીના પાવન પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે અમદાવાદના પ્રસિદ્ધ જગન્નાથ મંદિરે દર્શનાર્થે આવ્યા હતા. આ પ્રસંગે તેમણે રાજ્યની જનતાને રામનવમીની શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે જગન્નાથ મંદિરના મહંત શ્રી દિલીપદાસજી મહારાજની ઉપસ્થિતિમાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે ભગવાનની પૂજા-અર્ચના કરી હતી.

શ્રી નીતિનભાઈ પટેલે ગૌ-વંશની હત્યા તથા ગેરકાયદેસર હેરફેર અટકાવવા માટે બનાવેલા નવા કાયદાનું કડક રીતે અમલીકરણ કરવા કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી ભૂષણભાઈ ભટ્ટ તથા અમદાવાદના મેયર શ્રી ગૌતમભાઈ શાહ સહિત પદાધિકારીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ખેડુતો પર અત્યાચાર મામલે 'આપ'ના કાર્યકરોનું ઉપવાસ આંદોલન

### સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે કાર્યકરો ઉપવાસ પર બેઠા : માંગણીઓ નહીં સંતોષાય તો ૧લી મે થી ખેડુત સત્યાગ્રહ

ગાંધીનગર, તા.૫

ભાજપ સરકાર દ્વારા સાણંદના ખેડૂતો પર અમાનુષી અત્યાચાર કરવામાં આવ્યો હોવાના મુદ્દા સાથે વિવિધ માંગણીઓ લઈ આમ આદમી પાર્ટીના કાર્યકરોએ સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે ઉપવાસ આંદોલન છેડયું છે. તેમની માંગણીઓ ટુંક સમયમાં નહીં સંતોષાય તો ૧લી મે થી આમ આદમી પાર્ટી સાણંદના ઉપર દળ ગામે ખેડૂત સત્યાગ્રહ આંદોલન શરુ કરશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

ખેડુતો પરના અમાનુષી અત્યાચારની સરકાર માફી માંગે, ખેડુતો પર કરવામાં આવેલા તમામ ખોટા કેસો પાછા ખેંચવામાં આવે પોલીસ દમનમાં ઘાયલ થયેલા ખેડૂતોને આર્થિક વળતર આપવામાં આવે, સાણંદના ખેડૂતોની પાણીની સમસ્યાનું તાત્કાલિક નિવારણ લાવવામાં આવે, કેનાલનું અધુરું કામ પુર્ણ કરવામાં આવે, ખેડુતોએ પકવેલા પાકના ટેકાના ભાવ બે ગણા કરવામાં આવે, દિલ્હીમાં પાક




નિષ્ફળ જતા કેજરીવાલ સરકાર દ્વારા દરેક ખેડુતને પચાસ હજાર રૂપિયા પ્રતિ હેકટર વળતર આપવામાં આવે છે તેમ ગુજરાત સરકાર પણ આપે... ઉપરોકત તમામ માંગણીઓ સાથે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે આમ આદમી પાર્ટી દ્વારા ઉપવાસ આંદોલન શરુ કરવામાં આવ્યું છે. જો ૧લી એપ્રિલ સુધીમાં માંગણીઓ સંતોષવામાં નહીં આવે તો ખેડુત સત્યાગ્રહ શરુ કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

## અંબાપુરમાંથી ચોરીના બાઈક સાથે એક શખ્સ પકડાયો

ગાંધીનગર, તા.૫

અંબાપુર વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલા અડાલજ પોલીસ મથકના જમાદાર અમરતભાઈ તથા તેમની ટીમે અંબાપુર ગામમાં એક શંકાસ્પદ યુવાન જતો દેખાતા તેનો પીછો કર્યો હતો. પોલીસ પાછળ પડતા તે યુવાન પણ ભાગ્યો હતો અને મકાનોમાં ઘુસીને ધાબાઓ ઉપર ચઢી ગામના અલગ અલગ ધાબાઓ પર ફિલ્મી ઢબે કુદકો મારીને ખેતરો તરફ ભાગેલા આ શખ્સને પોલીસે



પીછો કરીને પકડી પાડયો હતો તેની પાસેથી પલ્સર બાઈક ઉપરાંત મોબાઈલ અને છરી મળી આવી હતી. બાઈકના કાગળ વિશે પુછતા ચોરીનું હોવાનું અને અમદાવાદથી એક મિત્રએ ચોરીને આપ્યું હોવાનું ખુલ્યુ છે. પોલીસે બાઈક રીકવર કરી આરોપી નિલેષ ખેમાજી ઠાકોરની ધરપકડ કરી ઉંડી પુછપરછ શરુ કરી છે.

# આજે બેંકમાં લેવડ દેવડ ન કરવા અપીલ

### બેંક ચાર્જિસના નવા નિયમોનો વિરોધ દર્શાવવા સોશીયલ મીડીયામાં મેસેજ, નોટબંધીમાં સહકાર આપનાર ખાતેદારોની કદર ન થતાં આક્રોશ ફેલાયો

ગાંધીનગર, તા.૫

બેંકના ખાતેદારોના માથે ચાર્જિસના નવા નિયમો લાગુ પડી ગયા છે. નોટબંધીમાં વડાપ્રધાનના નિર્ણયને ભારે તકલીફો સહન કરીને પુર્ણ સહકાર આપનાર ખાતેદારો ઉપર ચાર્જિસ નામનો કોરડો બેંકોએ વિંઝયો છે. જેના ઉગ્ર પ્રત્યાઘાત સોશીયલ મીડીયામાં વ્યકત થઈ રહ્યા છે. જેમાં છઠ્ઠી એપ્રિલ એટલે કે આજે દરેક ખાતેદારોએ બેંકમાં લેવડ દેવડ ન કરી વિરોધ દર્શાવવા જોરદાર અપીલ કરવામાં આવી છે આ અભિયાનને વેગવંતુ બનાવવા ખાતેદારોને ભારપૂર્વક આગ્રહ કરાયો છે. જેની અસર બેંક કામગીરી ઉપર દેખાય તે રીતે ભારતભરમાં આ સંદેશાને ફરતો કરવા પણ જણાવાયું છે. છતાં પણ બેંક ચાર્જિસ નહીં હટે તો ફરી એકવાર ૨૪, ૨૫, ૨૬ એપ્રિલના રોજ લેવડ દેવડ બંધ રાખી વરોધ દર્શાવવા અપીલ કરાઈ છે.

બેંકમાં ચાર્જિસના નવા નિયમો મુજબ ચાર વખતની લેવડ દેવડ પછી દરેક લેવડ દેવડ ઉપર રૂ. ૧૫૦નો ચાર્જ ઉધરશે તેજ રીતે એટીએમમાં પણ ચાર વખત રકમ ઉપાડયા પછીના દરેક ઉપાડ ઉપર રૂ. ૧૫૦ ચાર્જ લાગશે તેમજ આ ચાર્જિસ સાથે સર્વિસ ચાર્જ અલગ એમ ખાતેદારોના માથે અનેક ગણો બોજ પડશે. વધુમાં કમાણી ઉપર ટેકસ, બચત પર ટેકસ, બેંકમાં જમા




કરાવવા ઉપર ટેકસ અને હવે ઉપાડ ઉપર પણ ટેકસ આ તમામ બાબતોને આવરી લઈ હાલ સોશીયલ મીડીયામાં બેંકોની આ નીતી રીતીનો ભારે વિરોધ થઈ રહ્યો છે. નોટબંધીમાં વડાપ્રધાનના આ નિર્ણયને આવકારીને ખાતેદારોએ ઠંડી ગરમી કે અન્ય પરવાહ કર્યા વગર પુર્ણ સહકાર આપી નોટબંધીને સફળ બનાવી છે ત્યારે નાના ખાતેદારોને તેમની આ સહકારની ભાવનાને બેંકોએ દંડનાત્મક કાર્યવાહીથી નવાજીને આઘાત પહોંચાડયો છે. જેના વિરોધમાં સોશીયલ મીડીયામાં છઠ્ઠી એપ્રિલ એટલે આજે તમામ ખાતેદારોને એક દિવસ લેવડ દેવડ ન કરવા અપીલ કરાઈ છે.

એક જુટ થઈ આ અભિયાનને સફળ બનાવવા જોરદાર અપીલ કરાઈ છે. પોતાની રકમ બેંકમાં નોટબંધી દરમિયાન સામાજીક વ્યવહાર તથા પ્રસંગોએ પણ ઉપયોગ ન કરી રહેવા દીધી અને હવે જરુરિયાત સમયે બેંકમાંથી ઉપાડ માટે દંડ ભરવો પડે તે અન્યાય હોવાની લાગણી સર્વત્ર ઉભી થઈ છે. આ આ અંગે વડાપ્રધાન દરમિયાનગીરી કરે તેવી પણ વિનંતી સોશીયલ મીડીયાના વિવિધ સંદેશાઓમાં જોવા મળી છે. વધુમાં ખાતેદારોના આ એક દિવસીય બેંકથી દૂર રહેવાના અભિયાનનું પરિણામ પ્રાપ્ત નહીં થાય તો આગામી ૨૪, ૨૫, ૨૬ એપ્રિલના રોજ લેવડ દેવડ બંધ રાખી વિરોધ દર્શાવવા પણ સોશીયલ મીડીયામાં જણાવાયું છે. ભારોભાર આક્રોશ સાથે વાયરલ થયેલા આ સંદેશાને આજે કેટલા ખાતેદારો સફળતા અપાવે છે તે બેંકમાં થનારી લેવડ દેવડ ઉપરથી જ ખ્યાલ આવશે તેવી ચર્ચાએ વેગ પકડયો છે.

### ચિરવિદાય

- સ્વ. પરમાર શકરાભાઈ મોહનભાઈ, ઉ.વ. ૭૮
- સ્વ. બિહોલા કુતુજી ભગવાનજી, ઉ.વ. ૯૦
- સ્વ. સમરથબેન ગોવિંદભાઈસોલંકી, ઉ.વ. ૪૫
- સ્વ. વિમલાબેન જોશી, ઉ.વ. ૭૫
- સ્વ. કૈલાસબેન રમેશચંદ્ર જોશી, ઉ.વ. ૬૭